૩૨૭૮૬-૩૨૮૨૦

બાય ઈમેઈલ

ક્રમાંકઃધ/માધ્યમિક/પી.એફ–૨/૨૦૧૯/
નિયામક શાળાઓની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન,ગુ.રા,ગાંધીનગર
તા. ૨૦/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષયઃ– બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના નવવર્ધિત પેન્શન યોજના હેઠળ કાયમી પેન્શન નંબર મેળવવા અંગેની દરખાસ્તો નવા ચેકલીસ્ટ મુજબ મોકલવા બાબત.

સંદર્ભઃ–(૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃધ/માધ્યમિક/પીએફ–૨/૨૦૧૮/૧૦૯૪૯–૮૩ તા.૬/૬/૧૮
(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃધ/માધ્યમિક/ પી.એફ–૨/૨૦૧૯/ ૧૬૦૯૩–૧૬૧૨૭ તા.૧૩/૦૬/૧૯
(૩) અત્રેની કચેરીના પરિપત્ર નંઃઅનદ–૧/માધ્ય/૨૯૯૭૯–૩૦૦૧૩ તા. ૧૯/ ૧૦/ ૧૯

ઉપરોકત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના નવવર્ધિત પેન્શન યોજનાઓની દરખાસ્તો બાબતે વાંધામાં પરત મોકલવી ન પડે અને ઝડપથી કર્મચારીઓના કાયમી પેન્શન નંબર( PPAN NO.) ફાળવણી થઈ શકે જેના કારણે તુમાર પડતર ન રહે તે માટે ચેક લીસ્ટ મુજબ ફાઈલ રજુ કરવા અંગેની સુચનાઓ અંગે ઉકત સંદર્ભ દર્શિત પરિપત્ર ક્રમ–૦૧ અને ક્રમ–રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ હતું.

અત્રેની કચેરીના સંદર્ભ–૩ પરિપત્ર અન્વયે શિક્ષણ વિભાગના તા.૧૧/૧૦/૧૯ના પત્રથી આપેલ સુચના મુજબ **બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ ધ્વારા ફાળવવામાં આવેલ અને નિમણુંક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યની કાયમી બહાલી આપવાનો પ્રસ્ન ઉપસ્થિત થતો નથી,તેની જાણ તથા જરુરી કાર્યવાહી કરવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવેલ છે**. જેની નકલ આ સાથે સામેલ કરેલ છે.

જે ધ્યાને લેતાં હવેથી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના નવવર્ધિત પેન્શન યોજના હેઠળ કાયમી પેન્શન નંબર મેળવવા અંગેની દરખાસ્તો આ સાથે સામેલ નવા ચેકલીસ્ટમાં જણાવ્યા મુજબ એક કર્મચારીની બે ફાઈલોમાં (પ્રથમ ફાઈલમાં ચેક લીસ્ટ ક્રમ– ૧થી ૬ના મુજબના પત્રો અને બીજી ફાઈલમાં ચેક લીસ્ટ ક્રમ–૧થી ૨૦ના મુજબના પત્રો સાથે)અલગ–અલગ રજુ કરવા જણાવવામાં આવે છે. ચેક લીસ્ટમાં જણાવેલ ક્રમ નંબર મુજબ દરખાસ્તની બંને ફાઈલોમાં પાન નંબર આપવા જેની દરખાસ્ત ચકાસણીમાં સરળતા રહે.

અનુભવે જણાય છેકે શાળાઓ તરફથી નવવર્ધિત પેન્શન યોજનાઓની દરખાસ્ત સાથે રજુ થયેલ એનેક્ષર–૨– K (અંગ્રેજીમાં) ફોર્મ જ આપની કચેરી ખાતેથી દરખાસ્ત સિરીયલ નંબર હાથથી લખીને દરખાસ્ત સાથે મોકલી આપવામાં આવે છે જે બરાબર નથી.હવેથી જયારે શાળાઓ તરફથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે દરખાસ્ત રજુ થાય ત્યારે તે દરખાસ્ત ઉપરથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી એ એનેક્ષર–૨– K (અંગ્રેજીમાં) ફોર્મ અલગથી તૈયાર કરી,તેમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી–સિકકા કરી, દરખાસ્ત ક્રમ નંબર આપી તથા મહેકમ અંગેનું નિયત પ્રમાણપત્ર ફરજિયાત પણે આપી રજુ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનુંકે હિસાબી અધિકારીશ્રી, પેન્શન અને પ્રો.ફંડ નિયામકશ્રીની કચેરી–ગાંધીનગરનો તા.૨૧/૧૦/૧૯નો પત્ર ક્રમાંકઃડીપીપી/નવપેયો/ OPGM/13102 આપને ડીપીપીએફ કચેરી તરફથી બારોબાર મોકલી આપવામાં આવેલ છે,જે IFMS ના હોમપેજ ઉપર જઈ NPS ને લગતી માહિતી ઉપર કલીક કરી , PRAN Genaration Module Circular ઉપર કલીક કરવાથી મળશે. તેમાં જણાવેલ સુચના ક્રમ ૧.૬ મુજબ <u>OPGM અંતર્ગત પરમેનેન્ટ રીટાયરમેન્ટ એકાઉન્ટ નંબર( PRAN )મેળવવા અંગે NSDLની વેબસાઈટ http://cra-nsdl.com પર ઓનલાઈન ભરેલ ફોર્મ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ મેળવી જેના પર Generate થયેલ Acknowledgement No લખવાનો રહેશે.તથા ફોર્મમાં જરુરી કર્મચારીની સહી,કર્મચારીનો ફોટો ચોટાડવો તેમજ કચેરીના સહી–સિકકા કરી જનરેટ થયેલ CSRF ફોર્મ ચેકલીસ્ટમાં જણાવેલ ક્રમ મુજબ કર્મચારીની બંને ફાઈલોમાં સામેલ રાખવાનાં રહેશે</u>.ઉપર મુજબની કાર્યવાહી તા.૦૧/૧૨/૨૦૧૯થી ફરજીયાતપણે કરવાની રહેશે જેની ખાસ નોંધ લેશો.

**બિડાણઃ–** <u>ચેકલીસ્ટ પત્રક– ૦૧ અને નિયત પ્રમાણપત્ર નં.૧ તથા પ્રમાણપત્ર નં.૨</u>

(સહી)
સંયુકત શિક્ષણ નિયામક,
માધ્યમિક
ગુ.રા,ગાંધીનગર

D:\cpf\New Paripatr-D.13-06-19\net\Paripatr\Main paripatra -revise.docx

Scanned by CamScanner

**ચેકલીસ્ટ પત્રક–૦૧ નવ વર્ધિત પેન્શન યોજના દરખાસ્ત કરવા માટેનું ચેકલીસ્ટ**

કર્મચારીનું નામઃ– હોદ્દોઃ–

શાળાનો પ્રકારઃ– **ગ્રાન્ટેડ/ગ્રાન્ટેડલઘુમતી** દરખાસ્ત ક્રમ નંઃ–

માધ્યમઃ–

કર્મચારીનો ફોટો

| ક્રમ | **ફાઈલ નં–૦૧** | પા.નં |
|---|---|---|
| ૦૧ | PRAN માટે એનેક્ષર ૨–K (અંગ્રેજી) ૨ નકલમાં(જેમાં કચેરી ખાતેનો દરખાસ્તનો ક્રમ નંબર આપવો ફરજિયાત છે) | |
| ૦૨ | PRAN માટે ઓનલાઈન ભરેલ CSRF ફોર્મની પ્રિન્ટ–(એક નકલમાં) | |
| ૦૩ | કર્મચારીના નિમણુંક હુકમની વંચાય તેવી પ્રમાણિત નકલ–(એક નકલમાં) | |
| ૦૪ | કર્મચારીની નિમણુંક પાંચ વર્ષ પછી નિયમિત પગાર ધોરણમાં સમાવવા અંગેના આદેશની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૦૫ | કર્મચારીના બેંકનો રદ્દ કરેલ અસલ ચેક/ અથવા બેંક પાસબુકની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૦૬ | કર્મચારીના પાનકાર્ડની પ્રમાણિત નકલ | |
| | **ફાઈલ નં–૦૨** | |
| ૦૧ | ફોરવડીગ લેટર (કર્મચારીનું નામ–શાળા–દરખાસ્ત ક્રમ નંબર દર્શાવવો) | |
| ૦૨ | નિયત ફોટાવાળુ ચેકલીસ્ટ પ્રમાણિત કરીને સામેલ રાખવુ. | |
| ૦૩ | PRAN માટે ઓનલાઈન ભરેલ CSRF ફોર્મની પ્રિન્ટ–એક નકલમાં(નિયામકશ્રી,પે.અને પ્રો.ફંડ–ગાંધીનગરના પત્ર નં.ડીપીપી/નવપેયો/ OPGM/13102 D.21-10-19 થી આપેલ સુચના મુજબ) | |
| ૦૪ | એનેક્ષર–૨–K (અંગ્રેજીમાં) ૧ નકલમાં (જેમાં કચેરી ખાતેનો દરખાસ્તનો સીરીયલ નંબર આપવો. ) | |
| ૦૫ | S -5 ફોર્મ (૧ નકલમાં) | |
| ૦૬ | કર્મચારીની સહી સાથેના પરિશિષ્ટ(૧,૨, ૨ક અને ૩) સામેલ રાખવા. (૧ નકલમાં) | |
| ૦૭ | કર્મચારીનું સીસીસી પરીક્ષા પાસ અંગેનું પ્રમાણપત્ર અને પાસ કરેલ ન હોય તો કર્મચારીની પરીક્ષા પાસ કરવાની બાંહેધરી સાથે આચાર્યનું પ્ર.પત્ર | |
| ૦૮ | કર્મચારી સામે સુચિત ,પડતર કે બાકી કોઈ તપાસ નથી તે બાબતનું આચાર્ય–સંચાલક મંડળના પ્રમુખની સહી સાથેનું પ્રમાણપત્ર જિ.શિ.અધિકારીશ્રીની પ્રતિ સહી સાથે આપવાનું રહેશે. | |
| ૦૯ | શાળા ગ્રાન્ટેડ છે તે મતલબનો આધાર સામેલ રાખવાનો રહેશે. | |
| **૧૦** | **નિમણુંક અંગેના એન.ઓ.સીના આદેશની પ્રમાણિત નકલ સામેલ રાખવી** | |
| **૧૧** | **કામચલાઉ બહાલી આદેશની પ્રમાણિત નકલ સામેલ રાખવી** | |
| **૧૨** | **કર્મચારીની કાયમીબહાલી/ખાતાંકીય ઓડીટના હેતુસર બહાલી પ્રમાણિત કરવા અંગેનીનકલ સામેલ રાખવી** | |
| ૧૩ | કર્મચારીના નિમણુંક હુકમ તથા સ્વીકૃતી પત્ર ની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૧૪ | કર્મચારીની નિમણુંક પાંચ વર્ષ પછી નિયમિત પગાર ધોરણમાં સમાવવા અંગેના આદેશની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૧૫ | પાંચ વર્ષ પુર્ણ થતાં કર્મચારીને પુરો પગાર ચુકવવામાં આવે તે માસના કોમ્પ્યુટર પગાર બીલની પ્રમાણિત નકલ | |
| ૧૬ | કર્મચારીના પાન કાર્ડ/ચુંટણી કાર્ડ/આધાર કાર્ડ ની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૧૭ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી કર્મ.ને પગારબીલ માટે એમ્પ.નંબર ફાળવણીની પ્રમાણિત નકલ | |
| ૧૮ | કર્મચારીના બેંકનો રદ્દ કરેલ અસલ ચેક/અથવા બેંક પાસબુકની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૧૯ | કર્મચારીની વિગત જેવીકે દાખલતારીખ,પગાર ધોરણ,પગારબીલ એમ્પ.નંબરની વિગતો સેવાપોથી સાથે ખરાઈ કર્યા અંગે આચાર્યશ્રીનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પ્રતિસહી સાથે આપવાનું રહેશે.(નિયત નમુના પ્રમાણપત્ર નં.૦૧ સામેલ છે.) | |
| ૨૦ | નાણાં વિભાગનાતા.૧૮–૦૩–૨૦૦૫ અને ૦૬–૦૯–૨૦૦૫ના ઠરાવ અંગે ન.વ.પે.યો.ની શરતો લાગુ પડવા અંગે આચાર્યશ્રીનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પ્રતિસહી સાથે આપવાનું રહેશે.(નિયત નમુના મુજબ પ્રમાણપત્ર નં.૦૨ સામેલ છે.) | |

જિલ્લા શિક્ષણાધિકારી સહી–સિકકો

આચાર્ય સહી–સિકકો



Scanned by CamScanner

(પાન નં.૨ ચાલુ)

**કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ ધ્વારા ફાળવવામાં આવેલ અને નિમણુંક પામેલ મદદનીશ શિક્ષકોના નવ વર્ધિત પેન્શન યોજના અન્વયે કાયમી પેન્શન નંબર મેળવવા અંગે સામેલ ચેકલીસ્ટ મુજબ ફાઈલ નં.૨ માં જણાવેલ આધારો ઉપરાંત ચેકલીસ્ટના ક્રમ નં.૧૦,૧૧,અને ૧૨ને બદલે નીચે જણાવેલ આધારો દરખાસ્ત સાથે સામેલ રાખવા.**

**કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ ધ્વારા ફાળવવામાં આવેલ અને નિમણુંક પામેલ મદદનીશ શિક્ષકોના નવ વર્ધિત પેન્શન યોજના અન્વયે કાયમી પેન્શન નંબર મેળવવા અંગે દરખાસ્તે સામેલ રાખવાના આધારોઃ–**

(૧) કર્મચારીએ નિમણુંક મેળવવા અંગે ઓનલાઈન કરેલ અરજીની વંચાય તેવી પ્રમાણિત નકલ

(૨) કર્મચારીને નિમણુંક અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ધ્વારા આપવામાં આવેલ ભલામણપત્રની વંચાય તેવી પ્રમાણિત નકલ

(૩) કર્મચારીને નિમણુંક અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ધ્વારા આપવામાં આવેલ અધિકારપત્રની વંચાય તેવી પ્રમાણિત નકલ

(૪) કર્મચારીને શાળામાં હાજર થયાના કર્મચારીના હાજર રીપોર્ટ અંગે આચાર્યશ્રીના કર્મચારીને હાજર કર્યા અંગેના શેરા સાથેની વંચાય તેવી પ્રમાણિત નકલ

(૫) કર્મચારીના રાજયની અંદરની યુનિ./બોર્ડની લાયકાતના પ્રમાણપત્રોની ખરાઈ શાળા કક્ષાએથી કરવામાં આવેલ છે અને તે બરાબર માલુમ પડેલ છે.તથા રાજય બહારની યુનિ./બોર્ડની લાયકાતના પ્રમાણપત્રોની ખરાઈ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ધ્વારા કરવામાં આવેલ છે અને તે બરાબર માલુમ પડેલ છે તે મતલબનું આચાર્ય તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સંયુકત સહી આપેલ પ્રમાણપત્ર

(૬) રાજય ભરતી પસંદગી સમિતિ તરફથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મળેલ મેરીટયાદીમાં કર્મચારીનું નામ હોય તે પાનની વંચાય તેવી પાનની પ્રમાણિત નકલ

(૭) રાજય ભરતી પસંદગી સમિતિ ધ્વારા ભલામણપત્ર આપવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મંજુરી મળેલ હોય તે અંગેના કમિશનર કચેરી–ગાંધીનગરના પત્રની વંચાય તેવી પાનની પ્રમાણિત નકલ



Scanned by CamScanner

## પ્રમાણપત્ર નં.૦૧

કર્મચારીની વિગત જેવી કે દાખલ તારીખ,પ.ધોરણ,એમ્પ.નંબર,ની વિગતો સેવાપોથી સાથે ખરાઈ કર્યા અંગેનું પ્રમાણપત્ર:–

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છેકે શ્રી.......................... આ શાળામાં તા................થી મુળ પગાર રુ................, પગાર ધોરણ.................................માં હોદ્દો.............................માં ફરજ બજાવે છે. તેમનો પગારબીલ એમ્પ્લોયી નંબર....................છે. તેઓ સીધા પગાર યોજનાના કર્મચારી છે.સદર કર્મચારી માટેના નવ વર્ધિત પેન્શન યોજનાના એકાઉન્ટ નંબર માટેનું C.S.R.F.ફોર્મની સઘળી વિગતો યોગ્ય અને સાચી ભરવામાં આવી છે. જેની સર્વિસબુક સાથે ખરાઈ કરેલ છે. વધુમાં C.S.R.F.ફોર્મની તમામ એન્ટ્રીઓ થી કર્મચારીને માહિતગાર કરવામાં આવ્યા છે.

સ્થળ:–

તારીખ:–

કર્મચારીની સહી આચાર્યની સહી જિલ્લા શિક્ષણાધિકારી,

---

## પ્રમાણપત્ર નં.૦૨

નાણાં વિભાગના તા.૧૮–૩–૨૦૦૫ અને ૦૬–૦૯–૨૦૦૫ના ઠરાવ અંગે નવી પેન્શન યોજનાની શરતો લાગુ પડવા અંગે આચાર્યશ્રીનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે અમારી શાળા ..............................................માં શ્રી...................................................... હોદ્દો.........................તરીકે ફરજ બજાવે છે. તેમને નાણાં વિભાગના તા.૧૮–૩–૨૦૦૫ અને ૦૬–૦૯–૨૦૦૫ના ઠરાવ અનુસાર નવી પેન્શન યોજનાની શરતો લાગુ પડે છે.

સ્થળ:–

તારીખ:–

કર્મચારીની સહી આચાર્યની સહી જિલ્લા શિક્ષણાધિકારી,

Scanned by CamScanner

ક્રમાંક [illegible]
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા [illegible]

પ્રતિ,
નિયામકશ્રી
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

16 OCT 2019

29562

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યની કાયમી બહાલી આપવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તા.૦૪/૦૯/૨૦૧૯ના પત્ર ક્રમાંક [illegible] /૨૫૪૮૩ ના અનુસંધાને જણાવવાનું કે, ઉક્ત પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યને વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૯ના ઠરાવથી કાયમી બહાલી આપવા બાબતની જોગવાઈમાંથી મુક્તિ આપવા દરખાસ્ત કરેલ છે.

આ બાબતે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાંથી અને આચાર્યોની ભરતી વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામાંથી કરવામાં આવે છે. આ જાહેરનામાંની જોગવાઈઓ મુજબ શિક્ષણ સહાયક તથા આચાર્ય તરીકે પસંદગી પામતાં ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત અને પ્રમાણપત્રોની ચકાસણી પસંદગી સમિતી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આ સંજોગોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૯ના ઠરાવની જોગવાઈઓ મુજબ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યની કાયમી બહાલી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આપનો વિશ્વાસુ

(વી એમ પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

30013

ક્રમાંક/ ૨૧૬૯/માધ્ય/29979
કમિશ્નર મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી,
૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, પહેલા માળે,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખ: 19-10-2019

[illegible]

મદદનીશ શિક્ષણ નિયામક (માધ્ય.)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned by CamScanner